SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૦૭/૦૬/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## BIS વગરનું ફરજિયાત QCOવાળું પોલિએસ્ટર યાર્ન મટિરિયલ (માત્ર એડવાન્સ ઓથોરાઇઝ હોલ્ડરો દ્વારા) આયાત કરી શકાશે, DGFT દ્વારા જાહેરાત કરાઇ

## ચેમ્બર દ્વારા કરાઇ હતી રજૂઆત, MMF ફેબ્રિકના એક્ષ્પોર્ટરોને રાહત થશે

**સુરત.** DGFT દ્વારા તા. ૬ જૂન, ૨૦૨૪ના રોજ પબ્લીક નોટિસ નં. ૧૦/૨૦૨૪–૨૫ દ્વારા BIS વગરનું ફરજિયાત QCOવાળું પોલિએસ્ટર યાર્ન મટિરિયલ આયાત કરવા પરવાનગી આપી છે. આ પરવાનગી માત્ર એડવાન્સ ઓથોરાઇઝ હોલ્ડર તથા EOU અને SEZ ખાતેના યુનિટોને જ આપવામાં આવી છે. ભારત સરકારના કેમિકલ્સ અને પેટ્રો કેમિકલ્સ વિભાગ દ્વારા જાહેર કરાયેલા QCO સંબંધિત બાબતમાં DGFT દ્વારા ઉમેરો કરી આ અંગેની જાહેરાત ઉપરોકત પબ્લીક નોટિસમાં કરવામાં આવી છે.

ઉપરોકત બાબતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના કેમિકલ્સ અને પેટ્રો કેમિકલ્સ વિભાગ સાથે રૂબરૂ મુલાકાત કરી સતત રજૂઆતો કરવામાં આવી હતી. જેના ફળ સ્વરૂપે BIS વગરનું ફરજિયાત QCO વાળું પોલિએસ્ટર યાર્ન મટિરિયલ (માત્ર એડવાન્સ ઓથોરાઇઝ હોલ્ડરો દ્વારા) આયાત કરવા સંદર્ભે પરવાનગી મેળવવામાં સફળતા મળી છે.

આ જાહેરાતથી ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના એડવાન્સ ઓથોરાઇઝ હોલ્ડરોને BIS વગર પોલિએસ્ટર યાર્નને આયાત કરવાની પરમીશન મળી છે. આ જાહેરાતથી MMF ફેબ્રિકના એક્ષ્પોર્ટરોને રાહત થશે.